ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં દસ સ્થળોએ ૨૦૦૦ નવયુવાનોનું રસીકરણ

## ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૮ થી ૪૪ વર્ષના નવયુવાનોના રસીકરણ કાર્યક્રમનો આરંભ





ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તાર આજથી ૧૮ થી ૪૪ વર્ષના નવયુવાનોને કોરોનાની વેક્સિન આપવાનો આરંભ કરવામાં આવ્યો છે. આ વેક્સિન આપવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૦ અલગ અલગ સ્થળોએ સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે. આજના દિવસમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં બે હજાર જેટલા નવયુવાનોને રસી આપવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેડિકલ ઓફિસર ડાં. કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યું છે કે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડાં. રતનકંવર ગઢવીચારણના માર્ગદર્શન હેઠળ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આજે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૦ સ્થળોએ વેક્સિનેશન કરવાની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેમાં એસ.એસ.વી. કેમ્પસ, સેક્ટર- ૨૩,સરદાર પટેલ સ્કૂલ સેક્ટર- ૭, સોરઠ કારડીયા સ્કૂલ સેક્ટર-૫, ગવર્મેન્ટ સ્કૂલ, સેક્ટર-૧૫, જૈન દેરાસર, સેક્ટર- ૨૨, ગવર્મેન્ટ સ્કૂલ, સેક્ટર- ૨૮, કેન્દ્રીય વિદ્યાલય નંબર- ૧, સેક્ટર- ૩૦,જીઈબી કોલોની ડિસ્પેન્સરી, કોમ્યુનિટી હોલ, સરગાસણ ગામ અને પ્રાથમિક શાળા, કુડાસણ ખાતે વેક્સિનેશનની સુવિધા ઉભી કરવામાં આવી છે.

તમામ વેક્સિનેશન સ્થળો ખાતે અગાઉથી કોવિડ સોફટવેરમાં રજીસ્ટ્રેશન કરાવનાર વ્યક્તિઓનું વેક્સિનેશન કરવામાં આવી રહ્યું છે. વેક્સિનેશન સમયે રજીસ્ટ્રેશનનો એસ.એમ.એસ કે એપોટમેન્ટ લેટર બતાવ્યા બાદ જ રસીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આજે ગાંધીનગર મહાનગરપાલિકાના નક્કી કરાયેલ ૧૦ સ્થળો ખાતે દરેક સ્થળે ૨૦૦ જેટલા વ્યક્તિને વેક્સિન આપવાની સુવિધા કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગર પાલિકામાં કુલ - ૨૦૦૦ જેટલા નવયુવાનોએ વેક્સિનનો લાભ લીધો છે.

### ૧૮ વર્ષથી વધુ વયના લોકોના રસીકરણની શરૂઆતે મેયરે વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી ગુજરાતમાં શનિવારથી ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકોને વેક્સિન આપવાનું અભિયાન શરૂ કરાયુ હતું. ત્યારે મેયર રીટાબેન પટેલ દ્વારા ગાંધીનગરના વિવિધ રસીકરણ કેન્દ્ર ખાતે રસી લઈ રહેલા ૧૮ વર્ષથી વધુ વયના લોકોની મુલાકાત લેવામાં આવી હતી. મેયરે આ પ્રસંગે જણાવ્યુ હતું કે હું ૧૮ વર્ષથી વધુ વયના સૌ યુવા વર્ગને અપીલ કરું છું કે તેઓ



વેક્સિન માટે ઝડપથી રજીસ્ટ્રેશન કરાવે અને રસી મુકાવીને પોતાને તથા પરિવારજનો અને સમાજને મહામારી સામે સુરક્ષિત કરવાના મહાયજ્ઞમાં આહૂતિ આપે. આ સાથે વૈશ્વિક કોરોના સંક્રમણની મહામારીને સંપૂર્ણપણે નાથવા અર્થે રાષ્ટ્રીય સ્તરે શરૂ થયેલા વિશ્વના સૌથી મોટા ‘રસીકરણ અભિયાન’ અન્વયે ગાંધીનગર ખાતે કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો. તેમણે એમપણ કહ્યું કે ‘બે ડોઝ રસીના.. હારશે કોરોના’ આ સુત્રને સાર્થક કરવાનું છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




થઈ ગયુને તમારું મોટામાં મોટું પૂતળું મારાથી નાનું....!!

## કેન્દ્ર અને રાજ્યનું મફત અનાજ વિતરણ એક સાથે રાખવા દુકાનધારકોની માંગ

**અનાજનો પુરતો જથ્થો આવી જાય પછી વિતરણ સમયે પોલીસ બંદોબસ્ત આપો : જિલ્લામાં આઠ દુકાનધારકોના કોરોનાથી મૃત્યુ થયાં હોવાથી દુકાન ધારકોને સારવારમાં પ્રાથમિકતાની બાંહેધરી આપવામાં આવે તેવી એસોસિએશનની રજૂઆત**

ગાંધીનગર, તા. ૧

કોરોના મહામારીમાં સરકાર તરફથી આપવામાં આવતા મફત અનાજના જથ્થાનું વિતરણ કામ ફેર પ્રાઈઝ શોપ સંચાલકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. હવે મે માસના અનાજના જથ્થાનું વિતરણ કરાશે ત્યારે ફેર પ્રાઈઝ શોપ સંચાલકો પૈકી આઠ દુકાનદારોનું કોરોનાથી અવસાન થયેલુ છે તેમજ કેટલાંક દુકાનદારો અત્યારે કોરોના પોઝિટીવ છે ત્યારે દુકાનદારો વિતરણ દરમ્યાન સંક્રમિત થાય તો તેમને સરકાર તરફથી સારવારની બાંહેધરી મળે જેમાં તેમને બેડ તથા ઓક્સિજન મળવો જોઈએ તેવી રજૂઆત એફપીએસ શોપ ઓનર્સ એસોસિશન દ્વારા કરવામાં આવી છે. ફેર પ્રાઈઝ શોપ ઓનર્સ એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતેના જિલ્લા પુરવઠા અધિકારીને લેખિત રજૂઆત કરતા જણાવાયું છે કે જિલ્લાતંત્ર દ્વારા નિયમિત અનાજ વિતરણ અને પ્રધાનમંત્રી યોજનાનું અનાજ વિતરણ તા. ૨૦ મે થી એક સાથે રાખવા દેવામાં આવે તો દુકાનદારોને સરળતા રહે. આ સાથે અનાજ વિતરણ વખતે પોલીસ બંદોબસ્ત પુરો પાડવા પણ દુકાનધારકો દ્વારા માંગ કરવામાં આવી છે અને દુકાનો પર અનાજનો જથ્થો આવી જાય તેની તકેદારી લેવા પણ અનુરોધ કરવામાં આવ્ય છે. આ સાથે જે અનાજનું વિતરણ મફત થાય તેનું કમિશન આગાઉની જેમ ચુકવવામાં એક વર્ષ જેટલો વિલંબ ના થાય અને તાત્કાલિક માસ દરમ્યાન દરેક દુકાનધારકના ખાતામાં જમા થઈ જાય તેની બાંહેધરી આપવી. આ સાથે એફપીએસ ઓનર્સ એસોસિએશને જણાવ્યુ છે કે રાજ્ય એસોસિએશન તરફથી ઘણા સમયથી કમિશન વધારવાની જે માંગ કરવામાં આવી રહી છે તે પડતર માંગનો સત્વરે સુખદ ઉકેલ લાવવા અને જિલ્લામાં અને રાજ્યમાં ગુમાવેલ એફપીએસના વારસદારને સરકાર તરફથી જાહેર કરાયેલ રૂ. ૨.૫૦ લાખનું કવચ તાત્કાલિક મૃતકના પરિવારને ચુકવવાની બાંહેધરી આપવી જોઈએ.

# શહેરમાં ઓક્સીજન માટે ભારે દોડધામ

### હોસ્પિટલો અને હોમ આઈસોલેશનમાં રહીને સારવાર મેળવી રહેલા દર્દીઓ માટે ઓક્સીજનની જરૂરીયાત વધતા ઓક્સિજનની ભારે ખેંચ

ગાંધીનગર, તા. ૧

કોરોનાના દર્દીઓમાં છેલ્લા કેટલાક દિવસોથી ખૂબ વધારો થયો છે. હોસ્પિટલો હાઉસફૂલ છે ત્યારે ગંભીર પ્રકારના દર્દીઓને પણ હોમ આઈસોલેશનમાં રહીને સારવાર મેળવી રહ્યાં છે. ઓક્સિજનની જરૂરીયાતવાળા દર્દીઓ હાલમાં ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. ઓક્સિજનની અછત રહેતા દર્દીઓના સગાઓને તે મેળવવા રીતસર દોડધામ કરવી પડે છે.

ગાંધીનગરમાં કોરોનાના કાળચક્રને કારણે ઘરે ઘરે કોરોનાના દર્દીઓ છે. હોસ્પિટલો હાઉસફૂલ છે. ગંભીર પ્રકારના દર્દીઓને હોસ્પિટલમાં જગ્યા મેળવવા પણ રીતસરના ફાફા મારવા પડી રહ્યાં છે. કપરી પરિસ્થિતિમાં ઓક્સિજનની ભારે અછત વર્તાઈ રહી છે.

ખાસ કરીને ખાનગી



હોસ્પિટલોમાં દાખલ દર્દીઓ માટે ઓક્સિજનનો પૂરવઠો જાળવી રાખવા માટે હોસ્પિટલના સત્તાધિશોને ભારે મથામણ કરવી પડી રહી છે. શહેર અને જિલ્લામાં આવેલી હોસ્પિટલોને બહારથી ઓક્સિજન ખરીદવુ પડે છે પરંતુ જ્યાંથી તે ખરીદવામાં આવે છે તે કંપનીઓ પાસે માંગ વધુ રહેતી હોવાથી જરૂરીયાત પ્રમાણેનુ ઓક્સિજન તુરંત જ મળી શકશે કે નહી તે બાબતે ભારે ઉચાટ રહે છે.

હોસ્પિટલોમાં જગ્યા ન હોવાથી હાલમાં ઓક્સિજનની જરૂરીયાતવાળા દર્દીઓને ઘરે જ સારવાર આપવામાં આવી રહી છે. આવા દર્દીઓ માટે ઓક્સિજનના બાટલાની સતત જરૂરીયાત રહે છે. પરંતુ ઓક્સિજનની અછત હોવાથી ઓક્સિજન સપ્લાયરોએ હાથ ઉંચા કરી દીધા છે. આથી દર્દીઓના સગાઓને જાતે જ ઓક્સિજનના બાટલાઓ માટે દોડધામ કરવી પડે છે. એક બાટલો માંડ મળ્યો હોય ત્યાં બીજા બાટલાની વ્યવસ્થા ક્યાંથી થશે તે પ્રશ્ન સામે આવીને ઉભો રહે છે. શહેરમાં રીતસર અરાજકતાનો માહોલ સર્જાયો છે.

## ખૂણેખાંચરેથી

- કોલેજોમાં આજથી શૈક્ષણિક વેકેશનની જાહેરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે પરિપત્ર પાઠવી કરી છે.
- ગાંધીનગર તાલુકાના ૫૭ ગામોમાં આઈસોલેશન સેન્ટર શરૂ કરી દેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ૧૮ થી વધુ વયના ૧૯૦૦ થી વધુ યુવાનોએ કોરોના વેક્સિનેશનનો આજે પ્રથમ ડોઝ લીધો છે.
- દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડે દહેગામ અને રખિયાલ સી.એચ.સી.ને કોવિડ કેર સેન્ટર બનાવવા માંગ કરતો પત્ર જિલ્લા કલેકટરને લખ્યો છે. આ બે સીએચસી સેન્ટરોમાં જ ૧૦૦ વધુ બેડ બની શકે એમ છે તેમ પણ તેમણે પત્રમાં જણાવ્યુ છે.
- દહેગામના સ્મશાન ગૃહને એક દાતાએ ટેમ્પો ભરી લાકડા દાનમાં આપ્યા છે. દહેગામ સ્મશાનગૃહ માટે તંત્રએ વન વિભાગ પાસે લાકડાની માંગ કરી છે પણ હજુ ફાળવણી થઈ નથી.
- જાણીતા ચિત્રકાર રમેશભાઈ પરમારનું દુઃખદ અવસાન થયુ છે.
- ભાજપના પૂર્વ કાઉન્સીલર દર્શનાબેન અડાલજાના પિતાશ્રી જે.સી. અડાલજાનું દુઃખદ અવસાન થયુ છે. તેઓ ગાંધીનગર રોહિત સમાજના પૂર્વ પ્રમુખ હતા અને સામાજિક સેવક તરીકેની ઓળખ ધરાવતા હતા.

# બેંક ખાતામાં પુરતા નાણાં હોવા છતાં હોસ્પિટલનું બિલ ચૂકવી ના શક્યા..!!

**ગાંધીનગરના એક નિવૃત્ત અધિકારીને પોતાની ખાનગી બેંકના જડ વલણનો થયો કડવો અનુભવ : કોરોનાગ્રસ્ત હોવાનું જણાવવા છતાં કેવાયસી પ્રક્રિયા માટે રૂબરૂ આવવું પડશે તેવો બેંક અધિકારીનો બાલીશ આગ્રહ**

ગાંધીનગર તા.૦૧

કોરોના સંક્રમણનો ભોગ બનેલા ગાંધીનગરના એક નિવૃત્ત અધિકારીને પોતાની ખાનગી બેંકના અધિકારીના જડ વલણનો ભોગ બનવું પડ્યું જેના કારણે તેઓ પોતાના બેંક ખાતામાં પુરતા નાણા હોવા છતાં પણ હોસ્પિટલનું બિલ ચૂકવવા માટે અન્ય વ્યક્તિ પાસે હાથ લાંબો કરવા મજબૂર બન્યા હતા. પોતે કોરોના પોઝિટીવ હોવાનું જણાવવા છતાં બેંક અધિકારીએ કેવાયસી પ્રક્રિયા પૂરી કરવા માટે બેંક પર રૂબરૂ આવવું પડશે તેવો આગ્રહ રાખ્યો હતો છેવટે નિવૃત્ત અધિકારીએ હૉસ્પિટલનું બિલ ચૂકવવા માટે અન્ય વિકલ્પ અપનાવવો પડ્યો હતો.

ગાંધીનગરના નિવૃત્ત અધિકારી મુકેશ વેદને તા.૧૧મી એપ્રિલે કોરોનાગ્રસ્ત થયા હોવાથી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડયાં હતા જેમને તા.૨૩ એપ્રિલે રજા આપતી વખતે થોડા દિવસ હોમ કોરોન્ટાઈન રહેવા માટે તબીબોએ સુચના આપી હતી. હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લેતી વખતે હૉસ્પિટલનું બિલ ચૂકવવા માટે મુકેશ વેદે પોતાની ખાનગી બેંકના ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ નવી કેવાયસી પ્રક્રિયા બાકી હોવાના કારણે પેમેન્ટ થઈ શક્યું નહોતું. આથી તેમણે બેંકના અધિકારીનો સંપર્ક સાધ્યો હતો જેમણે મુકેશ વેદને બેંકની શાખા પર રૂબરૂ આવી કેવાયસી પ્રક્રિયા પૂરી કરવા જણાવ્યું હતું. આ સમયે મુકેશભાઈ દ્વારા બેંક અધિકારીને જણાવવામાં આવ્યું કે પોતે કોરોનાગ્રસ્ત છે છતાં બેંક અધિકારીએ કેવાયસી પ્રક્રિયા પૂરી કરવા માટે બેંકની શાખા પર રૂબરૂ આવવું જ પડશે તેવો ધરાર આગ્રહ રાખ્યો હતો. આ પરિસ્થિતિમાં પોતાના બેંક ખાતામાં પુરતા નાણા હોવા છતાં મુકેશભાઈ વેદને હૉસ્પિટલનું બિલ ચૂકવવા માટે અન્ય વ્યક્તિ પાસે હાથ લંબાવવો પડ્યો હતો તેવું જાણવા મળ્યું છે. આ કોરોના કાળમાં બેંક દ્વારા કેવાયસી માટે દરેક ગ્રાહકોને બેંક શાખા પર રૂબરૂ આવવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે તેવું જાણવા મળ્યું છે જેમાં કોરોના પોઝિટિવ માટે શંકાસ્પદ હોય તેવા ગ્રાહકોનો પણ સમાવેશ થવાની શક્યતા રહેલી છે જે સંક્રમણ ચલાવવા માટે જોખમરૂપ સાબિત થઈ શકે છે. શું આ સમયે બેંક પોતાની કેવાઈસી પ્રક્રિયા પ્રવર્તમાન પરિસ્થિતિને જોતા ત્રણેક માસ સુધી ટાળી ના શકે?

## સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે કોવિડ કેર સેન્ટર માટે સ્ટાફની જરૂરિયાત

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના શ્રી નરનારાયણ દેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પાછળના ભાગમાં સ્થિત ભક્તિમાતા ભવનના હોલમાં ૫૦ બેડનું શ્રી સ્વામિનારાયણ કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવી રહ્યું છે. આ કોવિડ કેર સેન્ટર પર મેડિકલ સ્ટાફ જેમાં ડૉક્ટર, નર્સીંગ સ્ટાફ વગેરેની દિવસ-રાત માટે સેવામાં પગારથી જરૂરિયાત છે. જે કોઈ ઉમેદવારોને આ સેવા માટે રસ હોય તેઓ મંદિરના મહંત સ્વામી પી.પી. સ્વામીનો મો. નં. ૯૮૨૫૦-૩૧૮૭૭ અથવા સુરેશભાઈ પટેલનો ૯૧૭૩૦-૮૯૦૩૦ પર સંપર્ક સાધી શકે છે.

## ગાંધીનગર ખાતે સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનો કાર્યભાર સંભાળતા એર માર્શલ સંદીપ સિંહ

ગાંધીનગર તા.૦૧

આજે ગાંધીનગર ખાતે દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડ (સ્વાક)ના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ તરીકે એર માર્શલ સંદીપ સિંહે કાર્યભાર સંભાળ્યો છે. તેઓ તા.૩૦મી એપ્રિલના રોજ સેવાનિવૃત્ત થયેલા એરમાર્શલ એસ.કે. ઘોટિયાના અનુવર્તી છે. કાર્યભાર સંભાળ્યા બાદ એરમાર્શલે યુદ્ધ સ્મારક ખાતે પુષ્પગુચ્છ અર્પણ કર્યો હતો અને ગાંધીનગર સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક)ના હેડક્વાર્ટર ખાતે તેમને પ્રભાવશાળી



ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે એર માર્શલને તા. ૨૩મી ડિસેમ્બર ૧૯૮૩ના રોજ ફાઈટર સ્ટ્રીમમાં સેવામાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ રાષ્ટ્રીય સંરક્ષણ અકાદમી અને રાષ્ટ્રીય સંરક્ષણ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેઓ એક્સ્પિરિમેન્ટલ ટેસ્ટ પાઈલટ છે અને શ્રેણી ‘એ’ ક્વોલિફાઇડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર છે. એરમાર્શલ પરિચાલન અને વિવિધ પ્રકારના ફાઈટર એરક્રાફ્ટમાં એક્સ્પિરિમેન્ટલ ટેસ્ટ ફ્લાઈંગમાં બહોળો અને વૈવિધ્યપૂર્ણ અનુભવ ધરાવે છે. ભારતીય વાયુસેનામાં એસયુ-૩૦ એમકેઆઈ એરક્રાફ્ટ સમાવવામાં તેમણે મુખ્ય ભૂમિકા નિભાવી હતી. વર્તમાન કાર્યભાર સંભાળતા પૂર્વે તેઓ નાયબ ચીફ ઓફ એર સ્ટાફ તરીકે સેવા આપી રહ્યાં હતા. પોતાની વિશિષ્ટ સેવા બદલ તેમને ૨૦૦૬માં વાયુ સેના મેડલ અને ૨૦૧૩માં ‘અતિ વિશિષ્ટ સેવા મેડલ’થી સન્માનિત કરવામાં આવ્યા છે. શ્રીમતી કામિનીસિંહ એરમાર્શલના ધર્મપત્નિ છે.

# કુડાસણમાં કોરોનાગ્રસ્ત પરિવારોને વિનામૂલ્યે ૭૦૦ જેટલાં ટિફિન પુરુ પાડતી યુવાનોની ભોજનસેવા




ગાંધીનગર તા. ૦૧

ગાંધીનગરમાં કોરોના સંક્રમણની બીજી લહેરે ચોતરફ એવો ભરડો લીધો છે કે પરિવારોના પરિવારો તેની લપેટમાં આવી ગયા છે. આ સ્થિતિમાં કેટલાક પરિવારોમાં તેવી પરિસ્થિતિ સર્જાઈ છે કે ઘરના તમામ સભ્યો સંક્રમિત થયા હોય જેના કારણે ઘરમાં રસોઈ રાંધવી પણ શક્ય નથી હોતું. આવા પરિવારોને મદદરૂપ થવા માટે ગાંધીનગરના કુડાસણમાં કેટલાક યુવાનો દ્વારા નિઃશુલ્ક ભોજન વ્યવસ્થાની સેવા શરૂ કરવામાં આવી છે જેમાં ૪૫ સ્વયંસેવકો દ્વારા રોજના આશરે ૭૦૦ જેટલાં ટિફિન કોરોનાગ્રસ્ત પરિવારોને પહોંચાડવામાં આવી રહ્યાં છે.

ગાંધીનગરના યુવાનો યોગેશભાઈ પરમાર, આશિષભાઈ પંડ્યા અને જૈમીન એસ શર્મા દ્વારા કુડાસણ ખાતે શરૂ કરવામાં આવેલી આ ભોજન સેવામાં કોરોનાગ્રસ્ત પરિવારોને સવાર સાંજ બન્ને સમયે શુદ્ધ અને સાત્વિક ભોજન વિનામુલ્યે પુરું પાડવામાં આવી રહ્યું છે. ફરજિયાત માસ્ક તથા સોશ્યલ ડિસ્ટન્સ જેવા કોવિડ ગાઈડલાઈનના તમામ નિયમોના પાલન સાથે પૂરી પાડવામાં આવી રહેલી આ ભોજન સેવાને શહેરીજનો દ્વારા બિરદાવવામાં આવી રહી છે તેમજ આ યુવાનોની સેવાકીય ભાવનાને ચોતરફ પ્રશંસા થઈ રહી છે. આ સેવા મેળવવા માટે ૯૦૩૩૦૧૯૯૦૯, ૯૮૨૪૩૯૬૮૬૦ અથવા ૯૮૯૮૮૩૦૦૦૮ પર સંપર્ક સાધી શકાશે.

## જન્મદિને વધામણી



રમેશભાઈ ઠક્કર
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩




સાગર દેસાઈ
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦



તાહિર પરમાર
ગાંધીનગર યુથ કોંગ્રેસ મહામંત્રી,
સરબા પેટ્રોલીયમના ઓનર
મો. ૯૯૨૪૨ ૬૩૬૮૯



માધવી દિલીપ ગણાત્રા
મો. ૯૪૨૮૬ ૯૬૫૬૩



રૂદ્ર રવીકુમાર પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮



શાહ ડિંકલ વિનોદકુમાર



પાર્થ નીતિનકુમાર પોપટ



કેયુર કુમાર આર જયસ્વાલ
મો. ૯૯૧૩૬ ૧૫૫૨૬



હસમુખભાઈ કાકડીયા
સૌરાષ્ટ્ર - કચ્છ સમાજ